**SSC પરિપત્ર**

ક્રમાંક:-મઉમશબ/માધ્યમિક/પરીક્ષા/2025/ 147

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા:-08/05/2025

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ નોંધાયેલ માધ્યમિક શાળા,
ગુજરાત રાજ્ય.

**વિષય :ધોરણ-10 એસ.એસ.સી. મુખ્ય પરીક્ષા – 2025માં ઉત્તીર્ણ / અનુત્તીર્ણ ઉમેદવારો માટે લેવામાં આવનાર પૂરક (Best of two)–2025 પરીક્ષા તથા દફતર ચકાસણી બાબત**

આથી ગુજરાત રાજ્યની તમામ નોંધાયેલી માધ્યમિક શાળાઓના વડાઓને જણાવવાનું કે, પ્રવર્તમાન પરીક્ષા વિનિયમો અનુસાર જે વિદ્યાર્થીઓ મુખ્ય પરીક્ષા-2025ની પરીક્ષામાં ગેરહાજર રહેલ હોય અથવા ઉત્તીર્ણ / અનુત્તીર્ણ પરીક્ષાર્થીઓ પરિણામ સુધારવા માટે પરીક્ષા આપવા ઇચ્છતા હોય તો તેવા પરીક્ષાર્થીઓ પૂરક (Best of two)-2025ની પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. આ પૂરક પરીક્ષાનાં આવેદનપત્રો બોર્ડની વેબસાઇટ **www.gseb.org** પરથી શાળા મારફતે ઓનલાઇન ભરવાના રહેશે. આવેદનપત્રો તથા ફી શાળા દ્વારા ફક્ત ઓનલાઇન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે. (રૂબરૂ આવેદનપત્રો સ્વીકારવાની પદ્ધતિ અમલમાં નથી.)

શિક્ષણ વિભાગના Best of two પરીક્ષા પદ્ધતિ બાબતના તા:-10/10/2024ના ઠરાવ ક્રમાંક:મશબ/1210/1799/છ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-2005ના વિનિયમ ક્રમાંક-16 (1)માં સુધારો કરવામાં આવેલ છે. સદર વિનિયમ હેઠળ થયેલ સુધારા અન્વયે પૂરક પરીક્ષા સંદર્ભે જરૂરી વિસ્તૃત નિયમો બોર્ડના તા:-29/11/2024ના પત્રક્રમાંક:મઉમશબ/ક/4531થી જાહેર કરવામાં આવેલ છે, તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. સદર પત્ર આ સાથે સામેલ છે. શાળાના આચાર્યે વિદ્યાર્થીને આ બાબતે વિસ્તૃત સમજ આપવાની રહેશે.

પૂરક (Best of two) પરીક્ષા-2025નું આવેદન બોર્ડની વેબસાઇટ **www.gseb.org** પરથી ઓનલાઇન ભરવાનું રહેશે. શાળાને મોકલેલ યાદી ફક્ત જાણ માટે જ છે. ઉમેદવારો માટે ફીની રકમ **એક વિષય માટે રૂ. 150/-**, **બે વિષયો માટે રૂ.215/-**, **ત્રણ વિષયો માટે રૂ. 275/-**, **ત્રણ વિષય કરતાં વધારે વિષયો માટે રૂ. 395/-** રહેશે.

**ખાસ નોંધ :કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે તેથી કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવાર પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી પરંતુ પૂરક પરીક્ષા - 2025 માટે ઓનલાઇન આવેદન (રજિસ્ટ્રેશન) કરવું ફરજિયાત છે. શૂન્ય (0) ફી રિસીપ્ટ રજિસ્ટ્રેશનના આધાર તરીકે સાચવી રાખવાની રહેશે. જરૂર પડે ત્યારે બોર્ડ સમક્ષ રજૂ કરવાની રહેશે.**

કોઈ કારણસર કોઈ અનુત્તીર્ણ ઉમેદવાર હોય અને પૂરક પરીક્ષા-2025માં બેસવા માંગતો હોય તેમજ તેનું નામ શાળાઓને પરિણામ સાથે મોકલાવેલ યાદીમાં તેમજ ઓનલાઇન યાદીમાં ન હોય તો તેના ગુણપત્રક અને S.R.ની ખરાઈ કરીને આચાર્ય દ્વારા આ સાથે આપવામાં આવેલ પરિશિષ્ટ-કમાં તે ઉમેરી જરૂરી આધારો અને ફી મેળવી એક નકલ સાથે રૂબરૂ બોર્ડના માધ્યમિક વિભાગની ABC શાખામાં મોકલવાની રહેશે.

1. સામાન્ય વિદ્યાર્થીઓ અને શારીરિક માનસિક દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓની ઓળખ સરળતાથી થઈ શકે તે માટે S.R.માં દિવ્યાંગ બાળક સામે **Differently abled** લખેલ છે, જેમાં મુક્તિ મેળવવા માટે દરેક વિષયમાં ઓછામાં ઓછા 20 ટકા ગુણ પ્રાપ્ત કરેલ હોવા જોઈશે. (બોર્ડ પરીક્ષાના 80 માંથી 16 ગુણ તથા આંતરિક મૂલ્યાંકનના 20 માંથી 4 ગુણ)

2. પૂરક પરીક્ષા માટે દરેક જિલ્લા માટે પરીક્ષાનું એક જ કેન્દ્ર રાખવામાં આવે છે. પૂરક પરીક્ષાનાં કેન્દ્રોની યાદી આ સાથેના પરિશિષ્ટમાં સામેલ છે.

3. પરીક્ષાર્થીઓ પરિણામ સુધારણા માટે પરીક્ષા આપવા ઇચ્છતા હોય તો તેવા પરીક્ષાર્થીઓ પૂરક પરીક્ષા – 2025 (Best of two)માં ઉપસ્થિત થઇ શકશે.

4. મુખ્ય પરીક્ષા-2025 ધોરણ-10ની પરીક્ષામાં શાળા કક્ષાના વિષયોમાં થિયરી તથા પ્રાયોગિક પાસું ધરાવતા વિષયમાં પરીક્ષાર્થીઓ અનુત્તીર્ણ/ગેરહાજર રહેવાના કારણે "સુધારણાને અવકાશ" થયા હોય તો તેમની થિયરી/પ્રાયોગિક પૂરક પરીક્ષા જે તે શાળાએ લેવાની રહેશે તથા ગુણની વિગતો બોર્ડ દ્વારા લેવામાં આવનાર પૂરક પરીક્ષા શરૂ થાય ત્યાં સુધીમાં બોર્ડને મોકલવાની રહેશે. (પરિશિષ્ટ-અ)

5. શાળાકીય વિષયની પૂરક પરીક્ષા શાળા કક્ષાએથી લેવાની રહેશે. જેનું પ્રશ્નપત્ર પણ શાળા કક્ષાએથી કાઢવાનું રહેશે. મેળવેલ ગુણ નમૂના "અ"માં બોર્ડની ગાંધીનગર (માધ્યમિક શાખા)માં શાળાના પત્ર સાથે રૂબરૂ બોર્ડની માધ્યમિક વિભાગની ABC શાખામાં મોકલી આપવાના રહેશે.

6. પૂરક પરીક્ષાનો કાર્યક્રમ, પ્રવેશિકા અને પ્રશ્નપત્રનો સમય બોર્ડની વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે, તથા ઉમેદવારોને મળનાર પ્રવેશિકામાં પરીક્ષાની તારીખ, સમય અને વિષયનો ઉલ્લેખ કરવામાં આવશે.

7. **પૃથક્ ઉમેદવારો તથા ફેબ્રુઆરી/માર્ચ-2025માં નોંધાયેલ ન હોય તેવા ઉમેદવારો આગામી પૂરક (Best of two) 2025ની પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે નહીં.**

   ➢ મુખ્ય પરીક્ષા ફેબ્રુઆરી/માર્ચ-2025માં જે તે વિષયમાં ઉપસ્થિત થયેલ પૃથક્ ઉમેદવાર જે વિષયમાં 33% થી ઓછા ગુણ મેળવેલ હશે (અનુત્તીર્ણ) કે ગેરહાજર હશે તે વિષયની પૂરક-2025ની પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે. જેઓનું આવેદનપત્ર શાળા મારફતે ઓનલાઇન સ્વીકારવામાં આવશે. જે તે વિષયમાં 33% કે તેથી વધુ ગુણ મેળવેલ (ઉત્તીર્ણ) પૃથક્ ઉમેદવાર પૂરક-2025ની પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે નહીં.

8. બોર્ડ દ્વારા 6 (છ) વિષયો પૈકી ઉમેદવારે કોઈ પણ વિષય/વિષયોમાં પરીક્ષા આપેલ હોવા છતાં તે વિષયમાં ગુણપત્રકમાં ગેરહાજર દર્શાવેલ હોય તેવા કિસ્સાઓમાં દફતર ચકાસણીની અરજી પરિણામ (ઓનલાઇન) જાહેર થયાથી **તા:-08/05/2025 થી તા:-22/05/2025** સુધી બોર્ડની ગાંધીનગર કચેરીમાં માધ્યમિક વિભાગની ABC શાખામાં રૂબરૂ સ્વીકારવામાં આવશે. દફતર ચકાસણી અંગેનો નિયત અરજીનો નમૂનો **પરિશિષ્ટ-9** આ સાથે સામેલ છે. આ દફતર ચકાસણીની અરજી શાળાના આચાર્યશ્રી મારફતે મોકલવાની રહેશે. અરજી સાથે ગુણપત્રક અને ફી-રસીદ (HALL TICKET)ની ઝેરોક્ષ નકલ આચાર્યશ્રીએ પ્રમાણિત કરી જોડવાની રહેશે. **નિયત સમયમર્યાદા પછી મળેલ અથવા ઉમેદવારે બારોબાર મોકલાવેલ કે શાળાના આચાર્યશ્રીના સહી/સિક્કા વગરની અરજીઓ ઉપર કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં.**

(1) નામ, અટક, જોડણી અને દફતર ચકાસણીની અરજીઓ ફક્ત બોર્ડની કચેરીમાં મદદનીશ સચિવશ્રી (માધ્યમિક ABC શાખા), ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, માધ્યમિક વિભાગ, ગાંધીનગર ખાતે સાધનિક કાગળો સાથે રૂબરૂ અથવા રજિસ્ટર્ડ ટપાલથી મોકલવાની રહેશે. પરિશિષ્ટ-4, 4-અ, શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ, જી.આર.નો ઉતારો તથા અસલ ગુણપત્રક સાથે મોકલવાનું રહેશે. **(મુખ્ય પરીક્ષા- 2025ના ઉમેદવારો માટે પરિણામ જાહેર થયાથી ત્રણ મહિના સુધી કોઈપણ ચાર્જ લીધા સિવાય નામ/અટક/જન્મતારીખના સુધારા બોર્ડ દ્વારા કરવામાં આવે છે.)**

(2) શાળા દ્વારા લેવાયેલ વૈકલ્પિક વિષય/વિષયોની પરીક્ષામાં પ્રાપ્ત કરેલ ગુણ શાળાના રેકર્ડ પ્રમાણે બોર્ડના ગુણપત્રક સાથે મળતા ન આવે અથવા "AO' ગેરહાજર અથવા XO' મુક્તિ આવે તેવા કિસ્સામાં ગુણ ચકાસણીની અરજી ન કરતાં નિયત દફતર ચકાસણીના ફોર્મમાં શાળા દ્વારા દરખાસ્ત કરવાની રહેશે. જે સાથે શાળાના આચાર્ય દ્વારા શાળાના રેકર્ડ મુજબ જે-તે વિષયમાં પરિણામ હોય તે પ્રમાણિત કરી જે-તે વિષયમાં ગુણ સ્પષ્ટ દર્શાવવાના રહેશે.

(3) શાળાકીય આંતરિક મૂલ્યાંકનમાં શાળાના રેકર્ડ સાથે વિસંગતતા જણાતી હોય તો ONLINE ગુણ દાખલ કર્યાના આધારોની પ્રિન્ટ આઉટ સાથે કેસ-ટુ-કેસ દરખાસ્ત નીચે સહી કરનારને કરવાની રહેશે.

(4) પૂરક પરીક્ષા માટેના ફોર્મ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** પરથી ઓનલાઇન ભરવાના રહેશે. જેની જાણ જાહેર માધ્યમો દ્વારા કરવામાં આવશે.

(5) આગામી પૂરક પરીક્ષા (Best of two) – 2025 માટે આવેદન કરવાની તથા ઓનલાઇન ફી ભરવાની સૂચનાઓ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** પર મૂકવામાં આવશે જેનો અભ્યાસ કરી આવેદન ફી ચૂકવવાની તથા કાર્યવાહી કરવાની રહેશે.

(6) મુખ્ય પરીક્ષા - 2025ની પરીક્ષા માટે નોંધાયેલ નિયમિત ઉમેદવારે ઉત્તીર્ણ (પાસ) થવા માટે શાળાકીય આંતરિક મૂલ્યાંકનમાં 20 પૈકી ઓછામાં ઓછા 7 અને બોર્ડની પરીક્ષામાં 80 માંથી ઓછામાં ઓછા 26 ગુણ પ્રાપ્ત કરવા આવશ્યક છે. અમુક ઉમેદવારોના કેસમાં કુલ 100 માંથી પ્રાપ્ત કરેલ ગુણ 33 કરતાં વધારે હોય પણ બોર્ડની પરીક્ષામાં 26 કરતાં ઓછાં ગુણ હોય તો ઉમેદવાર ઉત્તીર્ણ (પાસ) થતો નથી. આવા ઉમેદવારોને ઉત્તીર્ણ (પાસ) ગણી લેવાના કિસ્સા ભૂતકાળમાં બનેલ છે તે બાબતનું પુનરાવર્તન ન થાય તે ધ્યાને લેવા વિનંતી છે.

**વિશેષ નોંધ:-** ધોરણ-10 એસ.એસ.સી. મુખ્ય પરીક્ષા-2025માં બેઝિક ગણિત (18)થી ઉત્તીર્ણ થયેલ છે અને તેઓએ વર્ષ-2025ની પૂરક પરીક્ષામાં સ્ટાન્ડર્ડ ગણિત (12) વિષયની પરીક્ષા આપવા ઇચ્છતા હોય તો તેવા ઉમેદવારો પૃથક્ ઉમેદવાર તરીકે ઉપસ્થિત થઇ શકશે. આવા ઉમેદવારોએ જે શાળામાંથી ધોરણ-10 એસ.એસ.સી.નું આવેદનપત્ર ભરેલ હોય તે શાળામાંથી જ પૃથક્ ઉમેદવાર (આઇસોલેટેડ) તરીકે આવેદનપત્ર ભરવાનું રહેશે. આવેદનપત્ર ઓનલાઇન જ ભરવાનું રહેશે.

(જે. કે. પટેલ)
નાયબ નિયામક
(પરીક્ષા માધ્યમિક)
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**નકલ રવાના કાર્યવાહી કરવા સારુ:-**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત રાજ્ય.

**સવિનયનકલ રવાના જાણ સારુ:-**

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
2. માનનીય નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
3. માનનીય સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
4. માનનીય CAS, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

# પરિશિષ્ટ – ક

(અનુત્તીર્ણ પરીક્ષાર્થીઓની યાદી ન મળી હોય તે કિસ્સામાં આ નમૂના મુજબ યાદી બનાવી બોર્ડને રજૂ કરવાની રહેશે.)

GSHSEB Gandhinagar SSC Exam - 2025

## List of Students Eligible for 2025 Supplement Exam

<table>
<tr><th>Sr. No.</th><th>Seat No.</th><th>Sub. Code</th><th>Name of Candidates</th><th>Signature of Candidates</th><th>Fees</th></tr>
<tr><td rowspan="2"></td><td rowspan="2"></td><td></td><td rowspan="2"></td><td rowspan="2"></td><td rowspan="2"></td></tr>
<tr><td></td></tr>
<tr><td rowspan="2"></td><td rowspan="2"></td><td></td><td rowspan="2"></td><td rowspan="2"></td><td rowspan="2"></td></tr>
<tr><td></td></tr>
<tr><td rowspan="2"></td><td rowspan="2"></td><td></td><td rowspan="2"></td><td rowspan="2"></td><td rowspan="2"></td></tr>
<tr><td></td></tr>
<tr><td rowspan="2"></td><td rowspan="2"></td><td></td><td rowspan="2"></td><td rowspan="2"></td><td rowspan="2"></td></tr>
<tr><td></td></tr>
<tr><td rowspan="2"></td><td rowspan="2"></td><td></td><td rowspan="2"></td><td rowspan="2"></td><td rowspan="2"></td></tr>
<tr><td></td></tr>
</table>

Total No. of Students to appear :

Total Amount of Fees Paid :

Challan No. and Date :

Submission Date :

Declaration : The details of the above signed students are correct as recommended by the school for suplimentary exam to be held in 2025 except those who have not consented.

Signature of principal with stamp

Examination fees is as under
One subject fee is Rs. 150/-
Two subjects fee is Rs. 215/-
Three subjects fee is Rs. 275/
More than Three subjects fee Rs. 395

**કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ પરીક્ષાર્થીઓને સરકારશ્રીએ ફી ભરવામાંથી મુક્તિ આપેલ હોઈ તેઓ પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી.**

## પરિશિષ્ટ-૭

"ગેરહાજર" દર્શાવેલ અને તેવા કેસોમાં દફતર ચકાસણી માટે કરવાની અરજીનો નમૂનો

(સમયમર્યાદામાં મોકલેલી દફતર ચકાસણીની અરજીઓ ફી ભરવાની રહેતી નથી.)

| દરખાસ્ત નંબર | |
|---|---|
| | |

પ્રતિ,
નાયબ નિયામકશ્રી (પરીક્ષા),
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
માધ્યમિક પરીક્ષા વિભાગ,
સેકટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.

**વિષય:-** ફેબ્રુઆરી/માર્ચ-2025ની પરીક્ષામાં માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા દફતરની ચકાસણી બાબત

શ્રીમાન,

સવિનય હું ફેબ્રુઆરી/માર્ચ-2025ની ધોરણ-10 એસ.એસ.સી.ની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માટે દફતર ચકાસણી માટે અરજી કરૂં છું. જેની વિગતો નીચે પ્રમાણે છે.

1. જે વિષયમાં દફતર ચકાસણી કરાવવી હોય તે વિષયનું નામ ..............................................................
2. કઇ ભાષામાં આ વિષયના પેપરમાં જવાબ આપ્યા છે. ..............................................................
3. ગુણપત્રકમાં આ વિષયની શું સ્થિતિ દર્શાવી છે ? ..............................................................
4. પરીક્ષાનું કેન્દ્ર અને બેઠક નંબર ..............................................................
5. જો ઉમેદવારે જવાબવહી ઉપર ખોટો બેઠક નંબર લખ્યો હોય તો જવાબવહી ઉપર જે બેઠક નંબર લખ્યો હોય તે પુરાવા સહિત જણાવશો. ..............................................................
6. ઉમેદવારનું સંપૂર્ણ નામ (અટક સાથે) ..............................................................
7. ઉમેદવારનું સરનામું ..............................................................
8. જે વિષયમાં દફતર ચકાસણી માટે અરજી કરી હોય તે વિષયના ગમે તે સવાલના જવાબ દર્શાવતું આખું પાન ભરીને તેના નમૂના દાખલા હસ્તાક્ષર તે નીચે તેમની તથા આચાર્યશ્રીની સહી સહિતના સામેલ કરવા. ..............................................................
9. અરજી સાથે ઉમેદવારની ગુણપત્રકની નકલ તેમજ ફી રસીદની ઝેરોક્ષ નકલ અચૂક મોકલવી. ..............................................................

ઇતર નોંધ : ..............................................................

આપનો વિશ્વાસુ,

ઉમેદવારની સહી

સવિનય રવાના , મેં. આચાર્યશ્રી મારફત

ક્રમાંક : ..........................

તારીખ : ..........................

શાળાનો ઇન્ડેક્ષ નંબર : - ......................

સ્થળ : ..................................

તારીખ : ..................................

શાળાના વડાની સહી / સિક્કો

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

(એસ.એસ.સી. પૂરક પરીક્ષા (Best of two)-2025)

| “પત્રક-અ” (નમૂનો) |
|---|
| |

જે ઉમેદવાર મુખ્ય પરીક્ષામાં શાળા કક્ષાના વિષયમાં અનુત્તીર્ણ થયેલ હોય અથવા ગેરહાજર રહ્યા હોય તેવા ઉમેદવારના આંતરિક મૂલ્યાંકનના ગુણ ભરી ‘અ’ પત્રક શાળાઓએ ભરી અત્રે મોકલી આપવાનું રહેશે.

**શાળાનો એસ.એસ.સી. ઇન્ડેક્ષ નંબર**

**શાળાનું નામ/સરનામું....................................**

......................................................................

......................................................................

......................................................................

**જાવક નંબર:- ..........................**

**તારીખ:- .................................**

**સૈદ્ધાંતિક – પ્રાયોગિક અને શાળા કક્ષાએ લેવામાં આવેલ વિષયોની પરીક્ષાના ગુણ એસ.એસ.સી. પરીક્ષાનું વર્ષ : ....................................... માસ ............................**

જે ઉમેદવાર મુખ્ય પરીક્ષામાં શાળા કક્ષાના વિષયમાં અનુત્તીર્ણ થયેલ હોય અથવા ગેરહાજર રહ્યા હોય તેવા ઉમેદવારના આંતરિક મૂલ્યાંકનના ગુણ ભરી ‘અ’ પત્રક શાળાઓએ ગુણ નીચે પ્રમાણે મોકલી આપવામાં આવે છે:

| ક્રમ (1) | ઉમેદવારનો બેઠક નંબર (2) | ઉમેદવારનું નામ (3) | વિષયનું નામ અને કોડ નંબર (4) | 50 ગુણમાંથી પ્રાપ્ત કરેલ ગુણ (5) (50+50) | શાળાકીય આંતરિક મૂલ્યાંકનના 20 ગુણમાંથી ગુણ (6) |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

**નોંધ :**- ધો.10ના ઉમેદવારો માટે કોઠા ક્રમાંક 5 અને 6 માં ગુણ ભરવાનાં રહેશે.

તારીખ:- ............................

આચાર્યશ્રીની સહી અને સિક્કો

પરિપત્ર

**SSC ફેબ્રુઆરી-માર્ચ 2025**
**ગુણચકાસણી**

ક્રમાંક : મઉમશબ/માધ્યમિક/જી.સેલ./ગુ.ચ./મુખ્ય પરીક્ષા-2025
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર

તારીખ : 08-05-2025

પ્રતિ,
આચાર્યશ્રીઓ/પ્રધાનાચાર્યશ્રીઓ,
તમામ, ગુજરાત રાજ્ય.

**વિષય : માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા ફેબ્રુઆરી-માર્ચ 2025 ધોરણ-10ની પરીક્ષાની ગુણચકાસણીની અરજીઓ મોકલવાની કાર્યવાહી બાબત.**

ધોરણ-10 ગુણચકાસણીની વ્યવસ્થા મુજબ અરજીઓ માત્ર ઓનલાઇન માધ્યમથી જ મોકલવાની રહે છે. આ માટે આચાર્યશ્રી અથવા ઉમેદવાર જાતે બોર્ડની વેબસાઇટ www.gseb.org પર જઈ ગુણચકાસણીની અરજી કરી શકશે. રૂબરૂ કે ટપાલથી અરજી કરવાની પદ્ધતિ અમલમાં નથી.

ગુણચકાસણી અર્થાત્ બોર્ડ દ્વારા લેવાયેલ 6(છ) વિષયોની પરીક્ષા સંબંધે એક કે તેથી વધારે વિષયમાં પોતાને મળેલ ગુણ બાબતે શંકા હોય તો તેની ચકાસણી કરાવવી. આમાં શાળા દ્વારા લેવાયેલ વિષયોની પરીક્ષાનો કે નામ અને જન્મતારીખના સુધારાનો સમાવેશ થતો નથી. અરજી કરવા બાબતે વિગતવાર સૂચનાઓ વેબસાઇટ પર મૂકવામાં આવશે, તેમ છતાં નીચે આપેલ મહત્ત્વના મુદ્દાઓ ધ્યાને લેવા વિનંતી છે :

(1) અરજી કરવા સારું www.gseb.org પર જઈ ગુણચકાસણી લખેલ બટન ક્લિક કરવું અને રજિસ્ટ્રેશન કરવું.

(2) ઉમેદવારનો બેઠક નંબર નાંખવાથી તેની અન્ય વિગતો જોઈ શકાશે.

(3) જે વિષય માટે ગુણચકાસણી કરવાની છે, તેની સામે ટીક કરવું. (√ નિશાન)

(4) ગુણચકાસણીની ફી પ્રત્યેક વિષયના રૂ. 100/- નક્કી કરેલ છે.

(5) ગુણચકાસણી અરજીની ફી ઓનલાઇન SBI E-Pay મારફતે ચૂકવવાની બાબતની સૂચનાઓ ઓનલાઇન ઉપલબ્ધ કરવામાં આવશે.

(6) ગુણચકાસણીની અરજીઓ માટેનો સમયગાળો પરિણામ જાહેર થયાના બે દિવસ પછીથી બોર્ડની વેબસાઇટ www.gseb.org મારફતે જાહેર કરવામાં આવશે. કોઈપણ અરજી રૂબરૂ કે ટપાલ માધ્યમથી સ્વીકારવામાં આવશે નહીં. નિયત થયેલ આખર તારીખ પછી અરજી કરી શકાશે નહીં.

(7) ગુણચકાસણી થયેથી સુધારેલ પરિણામની વિગતો બોર્ડની વેબસાઇટ પર સીટ નંબરથી લોગ ઇન કરી જોઈ શકાશે.

(જે. કે. પટેલ)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

ક્રમાંક:મઉમશબ/ક/૪૫૩૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સચિવાલય પાસે, સેકટર–૧૦.બી,
ગાંધીનગર. તા.૨૯/૧૧/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય – ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો–૨૦૦૫ના વિનિયમ–૧૬(૧) માં થયેલ સુધારા અન્વયે ધોરણ–10 અને ધોરણ–12 તમામ પ્રવાહ માટે પૂરક પરીક્ષાના વિસ્તૃત નિયમો જાહેર કરવા બાબત.

સંદર્ભ – શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૧૦/૧૭૯૯/છ, તા.૧૦/૧૦/૨૦૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ધોરણ–10 અને ધોરણ–12 તમામ પ્રવાહના વિદ્યાર્થીઓને જે તે વર્ષની મુખ્ય પરીક્ષા બાદની તુરત જ ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની જોગવાઈ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો–૨૦૦૫ ના વિનિયમ–૧૬(૧)માં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૧૦/૧૭૯૯/છ, તા.૧૦/૧૦/૨૦૨૪ થી સુધારો થયેલ છે. જેથી હવેથી ધોરણ–10 અને ધોરણ–12 તમામ પ્રવાહના વિદ્યાર્થીઓને મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈને બંને પરીક્ષા પૈકી જે પરીક્ષાનું પરિણામ શ્રેષ્ઠ **(Best of Two)** હોય તે પ્રાપ્ત કરવાની તક ઉપલબ્ધ થયેલ છે. મુખ્ય પરીક્ષા પછીની તુરત જની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેના વિસ્તૃત નિયમો આ સાથે સામેલ છે. જે આગામી વર્ષ–૨૦૨૫ થી અમલી થશે. જે અંગેની જાણ લાગતાવળગતા શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને કરવા આપશ્રીને જણાવવામાં આવે છે.

(ડી. એસ. પટેલ)
નાયબ અધ્યક્ષ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**બિડાણ** – પૂરક પરીક્ષા માટેના વિસ્તૃત નિયમો

**નકલ સવિનય રવાના :–**

(૧) માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર
(૨) ઉપસચિવશ્રી, છ–શાખા, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.

**નકલ રવાના :–**

(૧) સંયુક્ત નિયામક (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારુ.
(૨) સંયુક્ત નિયામક (સંશોધન શાખા), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારુ.
(૩) સચિવ, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારુ.
(૪) નાયબ નિયામક (પરીક્ષા), તમામ શાખાઓ, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર તરફ જાણ તથા અમલવારી કરવા સારુ.
(૫) સંયુક્ત સચિવ (સંશોધન શાખા), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર તરફ જાણ તથા માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ મેગેઝીનમાં પ્રકાશિત કરવા સારુ.
(૬) એડમીશન કમીટી ફોર પ્રોફેશનલ કોર્ષ, અમદાવાદ તરફ જાણ સારુ.
(૭) એડમીશન કમીટી ફોર પ્રોફેશનલ અન્ડર ગ્રેજ્યુએટ મેડિકલ કોર્ષ, ગાંધીનગર તરફ જાણ સારુ.
(૮) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત રાજ્ય તાબા હેઠળની શાળાઓને જાણ કરવા સારુ.



Scanned with OKEN Scanner

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા

## વિનિયમ–૨૦૦૫ ના વિનિયમ : ૧૬(૧) ના અમલીકરણ માટેના નિયમો

**(૧) ટૂંકી સંજ્ઞા :-**

આ નિયમો રજીસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ધોરણ–10 અને ધોરણ–12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ/ઉતર બુનિયાદી પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહના પરીક્ષાર્થીઓ માટે જે તે વર્ષની મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષાના પરિણામ પૈકી જે પરિણામ શ્રેષ્ઠ **(BEST OF TWO)** હોય તે પ્રસિદ્ધ કરવાના વિસ્તૃત નિયમો કહેવાશે.

**(૨) પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે ઉમેદવારોની પાત્રતા :–**

(અ) ધોરણ–10 અને ધોરણ–12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ/ઉતર બુનિયાદી પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહ માટે જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં નોંધાયેલ ઉમેદવારો જે તે વર્ષની પૂરક પરીક્ષા **(BEST OF TWO)** માટે પાત્રતા ધરાવશે અન્યથા ધરાવશે નહિ.

(બ) અનુત્તીર્ણ પરીક્ષાર્થીઓ માટેની પાત્રતા

**(A) નિયમિત–અનુત્તીર્ણ વિદ્યાર્થી (REGULAR FAIL STUDENT)**

મુખ્ય પરીક્ષામાં પ્રથમ વખત ધોરણ–10 અથવા ધોરણ–12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ/ઉતર બુનિયાદી પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહમાં નિયમિત વિદ્યાર્થી તરીકે નોંધાયેલ હોય અને ગેરહાજર રહેલ હોય અથવા અનુત્તીર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણપત્રકમાં સુધારણાને અવકાશ **(NEEDS IMPROVEMRNT)** ધરાવતા હોય તેવા ગેરહાજર કે અનુત્તીર્ણ (નાપાસ) વિદ્યાર્થીઓ જે વિષયમાં ગેરહાજર કે અનુત્તીર્ણ હોય તે સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા સૈદ્ધાંતિક અને પ્રાયોગિક વિષય/વિષયો તથા સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા સૈદ્ધાંતિક અને પ્રાયોગિક વિષય/વિષયોમાં ઉત્તીર્ણ હોય તેવા તમામ વિષયોની પૂરક પરીક્ષા આપી શકશે.

**(B) પુનરાવર્તિત–અનુત્તીર્ણ વિદ્યાર્થી (REPEATER FAIL STUDENT)**

જે તે વર્ષની મુખ્ય પરીક્ષા સિવાયના અગાઉના વર્ષોમાં ધોરણ–10 અથવા ધોરણ–12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ/ઉતર બુનિયાદી પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા આપેલ હોય અને જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં પુનરાવર્તિત **(REPEATER)** વિદ્યાર્થી તરીકે નોંધાયેલ હોય અને ગેરહાજર રહેલ હોય અથવા અનુત્તીર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણપત્રકમાં સુધારણાને અવકાશ **(NEEDS IMPROVEMRNT)** ધરાવતાં હોય તેવા અનુત્તીર્ણ વિદ્યાર્થીઓ જે તે વર્ષની પૂરક પરીક્ષા માટે જે વિષયમાં નોંધાયેલ હોય તે વિષયમાં ગેરહાજર/અનુત્તીર્ણ/ઉત્તીર્ણ હોય તેવા પૈકી કોઈ એક અથવા એક થી વધુ અથવા તમામ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા તમામ સૈદ્ધાંતિક અથવા તમામ પ્રાયોગિક વિષય/વિષયોની પૂરક પરીક્ષા આપી શકશે.

**(C) નિયમિત ઉત્તીર્ણ વિદ્યાર્થી (REGULAR PASS STUDENT)**

જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં પ્રથમ વખત ધોરણ–10 અથવા ધોરણ–12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ/ઉતર બુનિયાદી પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષામાં નિયમિત **(REGULAR)** વિદ્યાર્થી તરીકે ઉપસ્થિત થઈને પ્રથમ પ્રયાસમાં જ ઉત્તીર્ણ થયેલ હોય અને પોતાના પરિણામને સુધારવા ઈચ્છુક હોય તો તેવા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ વિષયો પૈકી



Scanned with OKEN Scanner

કોઈ એક અથવા એકથી વધુ અથવા તમામ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા તમામ સૈદ્ધાંતિક અથવા તમામ પ્રાયોગિક વિષય/વિષયોની પૂરક પરીક્ષા આપી શકશે.

**(D) રીપીટર ઉત્તીર્ણ વિદ્યાર્થી (REPEATER PASS STUDENT)**

જે તે વર્ષની મુખ્ય પરીક્ષા સિવાયના અગાઉના વર્ષોમાં પ્રથમ વખત ધોરણ-10 અથવા ધોરણ-12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ/ઉતર બુનિયાદી પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા આપેલ હોય અને જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં પુનરાવર્તિત (REPEATER) વિદ્યાર્થી તરીકે નોંધાયેલ હોય અને ઉત્તીર્ણ થયેલ હોય અને પોતાના પરિણામને સુધારવા ઈચ્છુક હોય તેવા વિદ્યાર્થીઓ જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં જે વિષયોમાં ઉપસ્થિત રહેલ હોય તે વિષય/વિષયો માટે એક અથવા એકથી વધુ અથવા તમામ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા તમામ સૈદ્ધાંતિક અથવા તમામ પ્રાયોગિક વિષય/વિષયોની પૂરક પરીક્ષા આપી શકશે.

**(૩) મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષા પૈકી શ્રેષ્ઠ પરિણામની ગણતરી (BEST OF TWO) :-**

**(અ) નિયમિત પરીક્ષાર્થીઓ માટે :-**

(૧) મુખ્ય પરીક્ષામાં નિયમિત ઉમેદવાર જો મુખ્ય પરીક્ષામાં તમામ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા તમામ સૈદ્ધાંતિક અથવા તમામ પ્રાયોગિક વિષયોમાં ગેરહાજર/અનુત્તીર્ણ રહેલ હોય અને પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થાય મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ અને પૂરક પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ પૈકી મેળવેલ મહત્તમ ગુણને ધ્યાને લેવામાં આવશે.

(૨) મુખ્ય પરીક્ષાના નિયમિત ઉમેદવાર જો મુખ્ય પરીક્ષામાં અમુક સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા અમુક સૈદ્ધાંતિક અથવા અમુક પ્રાયોગિક વિષય/વિષયોમાં ગેરહાજર/અનુત્તીર્ણ રહેલ અને તે વિષય/વિષયોમાં પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થાય તો મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ અને પૂરક પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ પૈકી મેળવેલ મહત્તમ ગુણને ધ્યાને લેવામાં આવશે.

(૩) મુખ્ય પરીક્ષાનો નિયમિત ઉમેદવાર મુખ્ય પરીક્ષામાં તમામ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક વિષયોમાં ઉત્તીર્ણ થયેલ હોય અને પૂરક પરીક્ષામાં એક અથવા એક થી વધુ અથવા તમામ વિષય/વિષયો સાથે ઉપસ્થિત થાય તો મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ અને પૂરક પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ પૈકી મેળવેલ મહત્તમ ગુણને ધ્યાને લેવામાં આવશે.

(૪) જે તે વર્ષની મુખ્ય પરીક્ષાના ઉમેદવારે જે તે વર્ષની પૂરક પરીક્ષા માટે નોંધણી કરાવેલ હોય પરંતુ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત ના રહે તો તેવા ઉમેદવારનું પરિણામ મુખ્ય પરીક્ષાના પરિણામ મુજબ જે તે વિષય/વિષયો માટે જાહેર કરવામાં આવશે.

**(બ) પુનરાવર્તિત (રીપીટર) પરીક્ષાર્થીઓ માટે :-**

(૧) મુખ્ય પરીક્ષામાં રીપીટર ઉમેદવાર જો મુખ્ય પરીક્ષામાં તમામ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા તમામ સૈદ્ધાંતિક અથવા તમામ પ્રાયોગિક વિષયોમાં ગેરહાજર/અનુત્તીર્ણ રહેલ હોય અને પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થાય મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ અને પૂરક પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ પૈકી મેળવેલ મહત્તમ ગુણને ધ્યાને લેવામાં આવશે.

(૨) મુખ્ય પરીક્ષાના રીપીટર ઉમેદવાર જો મુખ્ય પરીક્ષામાં અમુક સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અથવા અમુક સૈદ્ધાંતિક અથવા અમુક પ્રાયોગિક વિષય/વિષયોમાં ગેરહાજર/અનુત્તીર્ણ રહેલ અને તે



Scanned with OKEN Scanner

વિષય/વિષયોમાં પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થાય તો મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ અને પૂરક પરીક્ષામાં જે વિષય/વિષયમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ પૈકી મેળવેલ મહત્તમ ગુણને ધ્યાને લેવામાં આવશે.

(૩) મુખ્ય પરીક્ષાનો રીપીટર ઉમેદવાર મુખ્ય પરીક્ષામાં તમામ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક વિષયોમાં ઉત્તીર્ણ થયેલ હોય અને પૂરક પરીક્ષામાં એક અથવા એક થી વધુ અથવા તમામ વિષયો સાથે ઉપસ્થિત થાય તો મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ અને પૂરક પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ઉપસ્થિત રહીને મેળવેલ ગુણ પૈકી મેળવેલ મહત્તમ ગુણને ધ્યાને લેવામાં આવશે.

(૪) જે તે વર્ષની મુખ્ય પરીક્ષાના ઉમેદવારે જે તે વર્ષની પૂરક પરીક્ષા માટે નોંધણી કરાવેલ હોય પરંતુ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત ના રહે તો તેવા ઉમેદવારનું પરિણામ મુખ્ય પરીક્ષાના પરિણામ મુજબ જે તે વિષય/વિષયો માટે જાહેર કરવામાં આવશે.

**(ક) મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષામાં નોંધાયેલ વિદ્યાર્થીઓને ગુણપત્રકમાં ગુણ દર્શાવવાની રીત :–**

(૧) વિદ્યાર્થી મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ગેરહાજર હોય અને તે પૂરક પરીક્ષામાં હાજર હોય તો તે વિષય/વિષયોમાં વિદ્યાર્થીએ પૂરક પરીક્ષામાં મેળવેલ ગુણ ધ્યાને લઈને મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષામાં મેળવેલ ગુણ તેમજ બંને પરીક્ષા પૈકીના મહત્તમ ગુણ **(BEST OF TWO)** દર્શાવતું સંયુક્ત ગુણપત્રક મળશે.

(૨) વિદ્યાર્થી મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં હાજર હોય અને તે પૂરક પરીક્ષામાં ગેરહાજર હોય તો તે વિષય/વિષયોમાં વિદ્યાર્થીએ મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણ ધ્યાને લઈને મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષામાં મેળવેલ ગુણ તેમજ બંને પરીક્ષા પૈકીના મહત્તમ ગુણ **(BEST OF TWO)** દર્શાવતું સંયુક્ત ગુણપત્રક મળશે.

(૩) વિદ્યાર્થી મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં ગેરહાજર હોય અને તે પૂરક પરીક્ષામાં ગેરહાજર હોય તો તે વિષય/વિષયોમાં મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષામાં ગેરહાજર તેમજ બંને પરીક્ષા પૈકીના મહત્તમ ગુણ **(BEST OF TWO)** માં ગેરહાજર દર્શાવતું સંયુક્ત ગુણપત્રક મળશે.

(૪) વિદ્યાર્થી મુખ્ય પરીક્ષામાં જે વિષય/વિષયોમાં હાજર હોય અને તે પૂરક પરીક્ષામાં હાજર હોય તો તે વિષય/વિષયોમાં વિદ્યાર્થીએ મુખ્ય પરીક્ષા અને પૂરકમાં મેળવેલ તેમજ બંને પરીક્ષા પૈકીના મહત્તમ ગુણ **(BEST OF TWO)** દર્શાવતું સંયુક્ત ગુણપત્રક મળશે.

**(૪) પ્રકીર્ણ :–**

(૧) મુખ્ય પરીક્ષાનું પરિણામ ઓનલાઈન જાહેર થયા બાદ બોર્ડ દ્વારા પૂરક પરીક્ષાના આવેદનપત્રો ભરવા અંગે અખબારી યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૨) મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારો પૈકી જે ઉમેદવારોએ પૂરક પરીક્ષાના આવેદન કરેલ ન હોય તેવા ઉમેદવાર કોઈપણ સંજોગોમાં પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે નહીં.

(૩) મુખ્ય પરીક્ષાના આવેદનપત્રો જે શાળામાંથી ભરવામાં આવ્યા છે તે જ શાળા દ્વારા પૂરક પરીક્ષાના આવેદન કરી શકાશે. તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. બોર્ડની સૂચના બાદ શાળાએ પૂરક પરીક્ષા અંગે આવેદન કરવાની કાર્યવાહી ચોકસાઈપૂર્વક નિયત સમયમાં હાથ ધરવાની રહેશે.

(૪) ધોરણ–10 અને ધોરણ–12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ/ઉતર બુનિયાદી પ્રવાહ/ વ્યવસાયલક્ષી પ્રવાહ માટે પૂરક પરીક્ષાના પરિણામની જાહેરાત બાદ વિષય/વિષયોની માત્ર ગુણચકાસણી માટેની અરજી સ્વીકારવામાં આવશે.

(૫) આ પેટા નિયમો સંદર્ભે અર્થઘટન બાબતે બોર્ડના અધ્યક્ષશ્રીનો નિર્ણય આખરી રહેશે.

**************************************************



Scanned with OKEN Scanner

## પરિશિષ્ટ-4

## નવી એસ.એસ.સી. પરીક્ષાના પ્રમાણપત્રમાં/ગુણપત્રકમાં અટક / નામ / પિતાના નામ તથા / જન્મતારીખમાં સુધારો કરવાની અરજીનો નમૂનો

પ્રતિ,

નાયબ નિયામકશ્રી (પરીક્ષા),

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

પરીક્ષા વિભાગ,

ગાંધીનગર

શાળા ક્રમાંક : | | | | | |

**વિષય : માર્ચ/ઑક્ટોબર/જુલાઈ 20..........ની પરીક્ષામાં મારા પ્રમાણપત્રમાં / ગુણપત્રકમાં અટક / નામ / પિતાના નામ તથા/જન્મતારીખમાં સુધારો કરવા બાબત.**

મહોદય,

જયભારત સાથે જણાવવાનું કે, હું માર્ચ/ઑક્ટોબર-જુલાઈ .............. ની પરીક્ષામાં બેઠક નંબર .................. થી આપેલ તેના પ્રમાણપત્રમાં/ગુણપત્રકમાં અટક/નામ/પિતાના નામ તથા/જન્મ તારીખમાં સુધારો કરવા અરજી કરું છું. મારું અસલ પ્રમાણપત્ર આ સાથે મોકલું છું.

(1) ઉમેદવારનું નામ : (અંગ્રેજીમાં ભરવું) : ..........................................................................

(2) ઉમેદવારનું સરનામું : : ..........................................................................

: ..........................................................................

: ..........................................................................

: ..........................................................................

(3) પ્રમાણપત્રમાં સુધારો કરવાની જરૂરી વિગત (અંગ્રેજી કેપિટલ અક્ષરમાં ભરવી)

અટક/નામ/પિતાના નામ તથા/જન્મતારીખ/વિષયમાં .................................................. ના બદલે

............................. (X) જેમાં સુધારો હોય તે વિગત અંગ્રેજીમાં બતાવવી. લાગુ પડતું ન હોય તે છેંકી નાખવું.

(4) ઉમેદવારનું સુધારો કરવાનું નામ : ..........................................................................

(5) રેગ્યુલેશન-47(3) મુજબ જરૂરી લાગતી ફી .(નવા સુધારા મુજબની વિગત

(અ) લાગત ફી ડિમાન્ડ ડ્રાફ્ટ કે મની ઓર્ડરથી મોકલી હોય તો

ડી.ડી./મ.ઓ. નંબર : ........................................ તારીખ : .......................

બેંકનું નામ/પો.ઓ.નું નામ : .................................... શાખા : .........................

(બ) રોકડેથી બોર્ડમાં લાગત ફી ભરી હોય તો

રોકડ રસીદ નંબર : .......................................... તારીખ : .......................

..........................................

**ઉમેદવારની સહી**

**સવિનયર રવાના :**

આચાર્યશ્રી ............................................................................................ હાઈસ્કૂલ મારફતે

જાવક નંબર : .............................

તારીખ : .............................

સવિનય રવાના :

મેં. પરીક્ષા સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા તરફ.

સદર હું ઉમેદવારનું નામ/અટક/પિતાનું નામ/જન્મતારીખ અને વિષયમાં સુધારો કરવા અંગે આ સાથે જરૂરી વિગતો અને પત્રકો સામેલ રાખી મોકલું છું.

જેમાં ........................................ ના બદલે .............................................. નો સુધારો કરવાનો છે. જે અમારી શાળાના ધો. 10 ના જી.આર. મુજબ બરાબર છે. જેથી આ સુધારો કરવા ભલામણ છે. કરવામાં આવે છે.

શાળાનો ઈન્ડેક્ષ નંબર : ....................................

**શાળાના આચાર્યનો સહી**
**અને સિક્કો**

## નોંધ :

(1) પ્રમાણપત્રમાં સુધારા માટેની અરજી પ્રમાણપત્ર મળ્યેથી ત્રણ મહિનાની મુદતની અંદર કરવામાં આવે તો કોલમ નં. 4(અ), (બ)માં વિગતો ભરવી નહીં.

(2) જે પ્રકારનો સુધારો કરવાનો હોય તે અંગ્રેજીમાં સ્પષ્ટ રીતે નિર્દેશ કરવો.

(3) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કાઉન્ટર સાઈન સાથેનું જી.આર.ના ઉતારાવાળું પત્રક ફક્ત અંગ્રેજીમાં જ ભરવું.

(4) અરજી સાથે નીચેના બિડાણ મોકલવા જરૂરી છે.

1. **ઉમેદવારનું અસલ પ્રમાણપત્ર**
2. અરજીનો નમૂનો તથા જાહેરનામું
3. પ્રમાણિત કરેલી એલ.સી.ની ઝેરોક્ષ નકલ
4. ઉમેદવારના ધો.10ના જનરલ રજિસ્ટર પરથી ઉતારો કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કાઉન્ટર સાઈન સાથેનું પત્રક (પરિશિષ્ટ-8)
5. રેગ્યુલેશન-47(3) મુજબ જરૂર લાગત ફી (નવા સુધારા પ્રમાણે) (ખાસ નોંધ નં. 3 વંચાણે લેવી.)
6. ધો. 10 ના જનરલ રજિસ્ટરની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ.
7. શાળાના ધો. 10 ના જનરલ રજિસ્ટરમાં પાછળથી સુધારો કરેલ હોય તો સુધારો કરવા અંગે પુરાવા સાથે સ્પષ્ટતા કરવી અને સમય મર્યાદામાં સુધારો કરવા અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવી હોય તો મંજૂરીપત્રની ઝેરોક્ષ પ્રમાણિત નકલ અવશ્ય મોકલવી. શાળાના જનરલ રજિસ્ટરમાં પાછળથી સુધારો કરેલ હોય તો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવવી આવશ્યક છે.
8. સોગંદનામું કે ગેઝેટના આધારે કરવામાં આવતો ન હોઈ આવા કેઈસ સુધારા માટે મોકલવા નહીં.

## પરિશિષ્ટ- 4 - અ

## પ્રમાણપત્રમાં અટક/નામ/જન્મતારીખ/પિતાના નામમાં સુધારો કરવા માટે શાળાના વડાએ ભરી મોકલવાનું જાહેરનામું

શાળા ક્રમાંક : | | | | | |

આથી હું નામે .............................................................................. ના વડા તરીકે જાહેર કરું છું અને નીચે પ્રમાણે નિવેદન કરું છું કે,

(1) હું .............................................................................. હાઈસ્કૂલના વડા તરીકે સદર શાળામાં માહે : ...................... 20 ................ થી કામ કરું છું.

(2) મેં શાળાનું ઉમેદવારનું જનરલ રજિસ્ટર જેમાં ધોરણ-8 થી 10 ના પ્રવેશ વખતે નામ નોંધાયેલ છે તેમાં અનુક્રમ નંબર .................... ઉપર ઉમેદવાર કુમાર/કુમારી .................................................... ની નોંધ નીચે પ્રમાણે છે.

(અ) તેમના સુધારાની વિગત (અંગ્રેજીમાં) : ..............................................................

શાળાના ધો. 10 સુધીના જનરલ રજિસ્ટરમાં છે.

(બ) તેમની જન્મતારીખ આંકડામાં અંગ્રેજીમાં ............................... છે.

(3) આથી પ્રમાણિત કરું છું કે, જનરલ રજિસ્ટરમાં કરેલી નોંધ એમની નોંધ અનઅધિકૃત રીતે ફેરફાર કરેલ નથી.

(4) માહે માર્ચ/ઓક્ટોબર/જુલાઈ ............... એસ.એસ.સી. પરીક્ષામાં ઉમેદવાર મજકૂર બેઠક નંબર .................. કેન્દ્ર ....................... થી પરીક્ષા આપેલ છે. જેમાં ..................... થયેલ છે.

(5) પરીક્ષાના પ્રમાણપત્રો તા. ..................... ના રોજ શાળાને મળ્યાં હતાં.

(X જે પ્રકારનો સુધારો કરવાનો હોય તે અંગ્રેજીમાં સ્પષ્ટ રીતે નિર્દેશ કરવો.)

**શાળાના વડાની સહી, સિક્કો**
**અને તારીખ**

શાળાનું નામ : ............................................

પૂરું સરનામું : ............................................

............................................

............................................

# <u>મુદ્દત અંદરના નામ સુધારા માટે જરુરી ડોક્યુમેન્ટ</u>

1. પરિશિષ્ટ-૪
2. પરિશિષ્ટ-૪અ
3. ધો. ૧૦ ની L.C ની ઝેરોક્ષ
4. ધો. ૧૦ ના G.R. ની ઝેરોક્ષ
5. ધો.૧૦ ની અસલ માર્કશીટ
6. ધો. ૧૦નું અસલ સર્ટીફિકેટ

**નોંધ:-** આ સાથે જણાવવામાં આવે છે કે વિદ્યાર્થીને માર્કશીટ વિતરણ બાદ માર્કશીટમાં નામ, અટક, પિતાના નામમાં તથા જન્મ તારીખમાં ભૂલ જણાય તો **ત્રણ મહિનાની** અંદર ઉપરોકત ડોક્યુમેન્ટ અત્રેની કચેરીમાં (માધ્યમિક વિભાગની ABC શાખામાં) રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા મોકલવાનું રહેશે.